| Innovation ID | DTP0010000002609 | Sr No : 1 |
|---|---|---|

| | |
|---|---|
| Innovation Title | પશુને બગા રોગ/ખસ (Dermatitis) |
| Category | પશુ સંવર્ધન |
| Notebook Number | lok (૨) ૬, Dec- ૧૯૯૭, Pg No. ૭ |
| Brief | પશુને બગા રોગ/ખસ (Dermatitis) થાય ત્યારે કીટું(બગરું)નો ઉપયોગ. |
| Detail | ગાય, ભેંસ, બળદ વગેરે પશુઓને આ રોગ (Dermatitis) થાય ત્યારે શરીર ઉપરથી ધીમે ધીમે વાળ ખરી જાય છે. તેમજ તે મોં વડે ખંજવાળ્યા કરે છે. ચામડી સૂકી-ભૂખરી થઈ જાય છે. તેમજ લોહી નીકળે છે.<br><br>ખેડુતના જણાવ્યા મુજબ માખણને ગરમ કરીને ઘી બનાવતી વખતે ગરણામાં ગાળતા નીકળતા કીટું (બગરું) નામનો પદાર્થ પશુની ચામડીના રોગગ્રસ્ત ભાગ ઉપર લગાવે છે. દિવસ દરમ્યાન ચાર થી પાંચવાર એમ પાંચ દિવસ સુધી બગરું લગાવવાથી પશુને આ રોગમાંથી સંપૂર્ણ મુક્તિ મળે છે.<br>આ પધ્ધતિ પરંપરાગત છે.<br><br>આ પદ્ધતિ સ્વયં વિકસીત છે.<br>આ પદ્ધતિનો વિચાર અમારા પાડાને બગાનો રોગ થયેલો ત્યારે ૧૦૦ ગ્રામ માંખણને ગરમ કર્યા બાદ જે ગરણીમાં તેને ગાળતાં જે કીટું નિકળે તેને ચાર દિવસના અંતરે પાડાને લગાવેલ તેનાથી સંપૂર્ણ આરામ થયો હતો અને બગાનો રોગ મટેલો તેવો પોતાનો અને બગાનો રોગ મટેલો તેવો પોતાનો જાત અનુભવ છે.<br>આ પદ્ધતિની સાથે રાસાયણિક દવાઓ લગાવવી નહિ.<br>આ પદ્ધતિની કોઈ આડઅસર ન હોવાથી સાવચેતી રાખવાની જરૂર રહેતી નથી<br><br>અન્ય ઉપયોગ કર્તાઃ<br>રામભાઈ ગીગાભાઈ બાબરીયા<br>મયુરભાઈ બાબરીયા<br>જયંતભાઈ બાબરીયા<br>ભરતભાઈ અગ્રવાત<br><br>નોંધઃ- (આ પદ્ધતિનું પીઆઈસી ૨૯ ડિસેમ્બર, ૨૦૦૬માં વિપુલ વાસને કરેલ છે.)<br>નોંધઃ- (આ પદ્ધતિનું રીચેક જાન્યુઆરી ૨૦૦૭ એ વિપુલ વાસને કરેલ છે. નોટ નંબર જૂનાગઢ ૨૦૦૭-૧)<br>નોંધઃ- (આ પદ્ધતિનું પી.આઈ.સી. નરેન્દ્રભાઈ રાઠવાએ તા. ૧૨-૮-૦૬ના રોજ કરેલ છે. આ પદ્ધતિ સાચી છે.)<br>આ પદ્ધતિ ગામમાં મોટે ભાગે જે પશુધારકો છે. તેઓ આ પદ્ધતિ અપનાવે છે. |
| Method of Use | |
| Caution | |
| Benefit | |
| Condition | |
| Material Used | કીટું(બગરું) |
| IPR Status | |
| Keywords | બગા, ખસ, પશુ, Dermatitis, કીટું, બગરું, માખણ, શરીર, જૂનાગઢ |

Member ID DTP૦૦૧૦૦૦૦૦૦૦૨૨૭ Member Type Scout

First Name હમીરસિંહ Middle Name આર. Last Name બાબરિયા

Profession Designation

Address 1

Village મુ. પો. પીખોર Taluka માળીયા હાટીના

District Junagadh State Gujarat Country India

Biography

Member ID DTP૦૦૧૦૦૦૦૦૦૨૫૯૬ Member Type Innovator

First Name રામભાઈ Middle Name ગીગાભાઈ Last Name બાબરિયા

Profession ખેતી,પશુપાલન Designation ખેડૂત,પશુપાલક

Address 1

Village મુ. પીખોર Taluka માળીયા હાટીના

District Junagadh State Gujarat Country India

Biography હમીરભાઈ બાબરીયાની ઉમર ૩૮ વર્ષ છે. અભ્યાસ તેઓએ એમ.એ. સુધી કરેલ છે. તેમની પત્ની ગીતાબેનની ઉમર ૩૫ વર્ષ છે. તેઓ સાત પાસ અભ્યાસ કરેલ છે. સંતાનોમાં બે છોકરા અને એક છોકરી છે. ધોરણ ૧૨માં અભ્યાસ કરે છે. બીજો ધોરણ ૧૦માં અભ્યાસ કરે છે. માતા હયાત છે. પુનબાઈબેન રામભાઈનો રસનો વિષય ખેતીમાં ઓર્ગેનિક ખેતી છે. નવીન અખતરા કરવામાં રસ છે. નવીન ઔષધીનું રક્ષણ, ગ્રામવિકાસમાં સક્રિય કાર્ય કરતા. જળસંગ્રહમાં વિશેષ યોગદાન, ઓર્ગેનિક, બિનરાસાયણિક કુદરતી ખેતીના પીખોર ગામના પ્રણેતા, તેમની પાસે ૨૦ વિઘા જમીન છે. પાકમાં મગફળી, અડદ, મગ, તલ, દિવેલા, લીલા શાકભાજી, ઘઉં, ચણા, બાજરો, મેથી, ઈસબગુલ, વગેરે વાવે છે. તેમની પાસે બે ભેંસો, બે બળદ, એક ગાય છે. આવક તેમને ખેતીમાંથી થાય છે.

ગામનો પરિચય-
ગામની વસ્તી ૧૮૦૦ વ્યક્તિની છે. જળવિકાસ મંડળ પીખોર, ગૌસેવા મંડળ પીખોર, સેવા સહકારી મંડળી, ગ્રામપંચાયત કચેરી છે. ગામના સરપંચ ભારતસિંહ ઓઢાભાઈ બાબરીયા છે. ગામમાં ૩ તળાવ છે. મોટી નદી છે. ગામમાં લીમડા, નીલગીરી, ગાંડા બાવળ, વડ, પીપળા, આંબા, ખાટી આંબલી, આંબા, નારીયેળી વગેરે વૃક્ષો જોવા મળે છે. ગામમાં પૂર્વ દિશામાં ગૌશાળા છે. રામ મંદિર છે. શીવ મંદિર છે. રામપીર મંદિર છે. હનુમાનજીનું બે મંદિર છે. ભૈરવદાદાનું મંદિર છે. ગામમાં જમીન કાળી, ગોરાડુ છે. ગામમાં ૧થી ૭ પ્રાથમિક શાળા છે. ગામમાં મુખ્ય જાતિના કડવા પટેલ લોકો રહે છે. ગામમાં ૮થી ૧૦ માધ્યમિક શાળા છે. લોકો દરબાર છે. હરિજનના ૪૦ ઘર, કોળીના ૪૫ ઘર, બાવાના ૪ ઘર, અતિત બાવાના ૧૫ ઘર, રબારીના ૧૨ ઘર, વાળંદના ૪ ઘર, કુંભારના ૫ ઘર, દરજીના ૧ ઘર, બ્રાહ્મણના ૪ ઘર, વાઘરીના ૬ ઘર, કોળીના ૩, આહિરના ૨ ઘર છે. ગામમાં આવકના સાધનોમાં ટ્રેક્ટરો -૭, રીક્ષાઓ - ૧૮, જીપ - ૧ અને બીજા લોકો મોટા ભાગે વધુ પડતી આવક ખેતીમાંથી થાય છે. ગામમાં મુખ્ય પાક મગફળીનો પાક આવે છે.
ગામથી તાલુકાનું અંતર ૧૨ કીમી છે. જિલ્લાનું અતર ૫ કિમી છે.

Member ID DTP૦૦૧૦૦૦૦૦૦૬૨૨૨ Member Type Verifier

First Name નરેન્દ્રભાઈ Middle Name અર્જેસિંહ Last Name (રાઠવા) ચૌહાણ

Profession Designation

Address 1

Village મું. લીમડીયા, પો. કંજેટા Taluka ધાનપુર

District Dahod State Gujarat Country India

Biography

Member ID DTP૦૦૧૦૦૦૦૦૦૬૨૭૪ Member Type Verifier

First Name વિપુલ Middle Name વી. Last Name વાસન

Profession Designation

Address 1 શક્તિનગર- ૧, શાંતેશ્વર રોડ, જોષી પરા

Village જૂનાગઢ Taluka જૂનાગઢ

District Junagadh State Gujarat Country India

Biography